# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-03-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- લોકસભાની આગામી ચૂંટણીમાં 18થી 19 વર્ષની વયના લગભગ એક કરોડ 80 લાખ મતદારો પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.
- રાજ્યમાં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ખોટો પ્રચાર કે અફવા ન ફેલાય તે માટે ચૂંટણી પંચની સોશિયલ મીડિયા પર બાજ નજર.
- ચૂંટણી પંચ દ્વારા દિવ્યાંગજનોની સુવિધા માટે Saksham (સક્ષમ) એપ્લિકેશન વિકસાવવામાં આવી.
- રાજ્યભરમાં હોળી-ધૂળેટી પર્વ નિમિત્તે ઠેર- ઠેર ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે- સુપ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકા અને ડાકોરમાં ભાવિકોનું ઘોડાપૂર ઉમટ્યું.
- હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં યલો એલર્ટ જાહેર કરાયું- સૌથી વધુ 40.2 ડિગ્રી તાપમાન અમરેલીમાં નોંધાયું..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## EC SPECIAL

લોકસભાની આગામી ચૂંટણીમાં 18થી 19 વર્ષની વયના લગભગ એક કરોડ 80 લાખ મતદારો હશે, જે સૌ પહેલીવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. સૌ પ્રથમવાર મતદાન કરનારા મતદારોને પ્રોત્સાહન આપવા માટે સોશિયલ મિડીયા પર I VOTE4 SURE જેવા અનેક અભિયાન શરૂ કરવામાં આવ્યા છે. આ અભિયાનમાં સચિન તેંડુલકર તેમજ અભિનેતા રાજકુમાર રાવ જેવા અગ્રગણ્ય નાગરિકોનો સાથ સહકાર લેવામાં આવી રહ્યો છે.

## EC- GUJ. SOCIAL MEDIA

રાજ્યમાં યોજાનારી લોકસભાની ચૂંટણી અંતર્ગત સોશિયલ મીડિયામાં વપરાશકર્તા ખોટો પ્રચાર કે અફવા ન ફેલાવે તે માટે ચૂંટણી પંચ ખાસ નજર રાખી રહ્યું છે. ગાંધીનગર ખાતે 12 કર્મચારીઓ તમામ સોશિયલ મીડિયા પર નજર રાખી રહ્યા છે. જ્યારે રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના ટેકનોલોજીના જાણકાર વિદ્યાર્થીઓને પણ વોલેન્ટીયર તરીકે સાથે રાખીને આ અંગેની કામગીરી સોંપવામાં આવી છે. પંચે ખોટી જાણકારી વાળી પોસ્ટ વહેલી તકે દૂર થાય તે માટે પણ ટીમ તૈનાત કરી છે.

ચૂંટણી પંચે આ માટે સાયબર ક્રાઈમની પણ મદદ લીધી છે. રાજ્યમાં સોશિયલ મિડીયા પર અપપ્રચાર કે પછી અફવા ફેલાવતી પોસ્ટ સામે સાયબર ક્રાઈમ કડક કાર્યવાહી કરશે.

અધિક મુખ્ય ચૂંટણી અધિકારી ડો. કુલદીપ આર્યાએ વધુ માહિતી આપતાં આ મુજબ જણાવ્યું....

(બાઇટ- ડો. કુલદીપ આર્યા)

## MP- RAJINAMU

રાજ્યમાં આજે રાજનીતિક ગતિવિધીઓ જોવા મળી. આગામી લોકસભાની ચૂંટણીના ભારતીય જનતા પાર્ટીના વડોદરા બેઠકના ઉમેદવાર અને હાલના વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટે અંગત કારણોસર ચૂંટણી ન લડવાની જાહેરાત સોશિયલ મિડીયાના માધ્યમથી કરી.

દરમિયાન, ભારતીય જનતા પાર્ટીના સાબરકાંઠા બેઠકના ઉમેદવાર ભીખાજી ઠાકોરે પણ ચૂંટણી ન લડવાની જાહેરાત કરી છે. તેમણે સોશિયલ મિડીયાના માધ્યમથી અંગત કારણોસર ચૂંટણી લડવાની અસમર્થતા દર્શાવી છે.

આ સાથે, ભાવનગર- બોટાદની ચૂંટણીની વ્યવસ્થા સમિતિની બેઠક ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના અધ્યક્ષસ્થાને યોજાઇ. આ બેઠકમાં આગામી લોકસભાની ચૂંટણીના મહત્વ અને આગોતરા આયોજન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું..

## LOKSABHA ELECTION

આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને રાજ્યભરમાં મતદાન જાગૃતિને લગતા વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે... જે અંતર્ગત,

સુરત જિલ્લાના ખટોદરા ખાતેની એક શાળામાં ચિત્ર, રંગોળી, વકતૃત્વ, નિબંધ અને ક્વિઝ સહિતની સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. તો સુરતના પૂણા ગામ વિસ્તારની એક હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ મતદાન માટે શપથ લીધા હતા.

વલસાડ જિલ્લામાં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત ૭ જેટલી દિવ્યાંગ સંસ્થાઓમાં મતદાન જાગૃત્તિ અંગેના કાર્યક્રમો યોજાયા. અધિકારીઓ દ્વારા દિવ્યાંગ મતદારોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે અપીલ કરાઇ હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલાની એક શાળામાં મતદાન જાગૃતિ અને શપથ'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## LOKSABHA- SAKSHAM APP

લોકસભાની ચૂંટણીની જાહેરાત થતાં ચૂંટણી પંચ દ્વારા મતદાન જાગૃતિ અંગેના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. "એવરી વોટ કાઉન્ટ્સ" ના સૂત્ર સાથે ચૂંટણી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારોની સુવિધા પર વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. જે અંતર્ગત દિવ્યાંગજનો લોકશાહીના પર્વમાં સહભાગી થઈ શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા Saksham (સક્ષમ) એપ્લિકેશન વિકસાવાઈ છે.

આ એપ દ્વારા દિવ્યાંગજનોને નોંધણી કરવામાં, તેમનું મતદાન મથક શોધવામાં અને મત આપવા માટે વિશેષ સુવિધાઓ મળશે. વોઈસ આસિસ્ટન્સ, ટેક્સ્ટ ટુ સ્પીચ, સુલભતા સુવિધાઓ, ફરિયાદ કરવાની સુવિધા સાથે આ એપ દ્વારા દિવ્યાંગજનો પોતાનો મત સરળતાથી આપી શકશે.

## JAMNAGAR- WHO BETHAK

જામનગર ખાતે WHO- GTMC ની પ્રથમ ટેક્નિકલ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું. ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર (GTMC) દ્વારા 19 થી 21 માર્ચના રોજ નવી દિલ્હી, ભારતમાં ‘વૈશ્વિક

તકનીકી સંકલન બેઠકનું' આયોજન થયું હતું.. ત્યારબાદ ગતરોજ જામનગરમાં આ બેઠક યોજાઇ હતી.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2023માં ગાંધીનગર ખાતે યોજાયેલી વિશ્વની સૌ પ્રથમ WHO ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સમિટ દ્વારા નિર્ધારિત કામગીરી માટેની કાર્યસુચીને અનુસરીને, તેના અમલીકરણ આ બેઠકમાં ચર્ચા વિચારણા કરાઇ..

આ અંગે વધુ માહિતી આપતાં ITRA ના નિદેશક ડો. અનુપ ઠાકરે આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- ડો. અનુપ ઠાકર)**

## HOLI/ DHULETI

રાજ્યભરમાં હોળી-ધૂળેટી પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવા લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બજારોમાં ધાણી, ખજુર, હારડા, સિંગ, ચણા, તેમજ રંગો, પિચકારીઓની ખરીદી થઇ રહી છે. તો બીજી તરફ, પૂનમ ભરવા શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં દ્વારકા અને ડાકોર પહોંચી રહ્યા છે.

યાત્રાધામ દ્વારકામાં ફૂલડોલ ઉત્સવને ગણતરીના કલાકો બાકી છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો.. ધૂળેટીના દિવસે બપોરે 2 થી 3 વાગ્યા સુધી મંદિરમાં ફૂલ્ડોલ મહોત્સવ ઉજવાશે. જેમાં પગપાળા યાત્રિકો માટે કિર્તીસ્તંભથી દ્વારકાધીશ મંદિર સુધી જવા માટે બેરીગેટ અને ડોમની વ્યવસ્થા ઉભી કરાઇ છે.

યાત્રિકોની સલામતીને ધ્યાને લઇ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે CCTV અને ડ્રોનની મદદથી બાજ નજર રાખવામાં આવશે. તો દ્વારકા પોલીસ દ્વારા 1 એસ.પી., 6 DYSP, 72 પી.આઇ. /પી.એસ.આઇ સહિત કુલ 1 હજાર 100 જેટલા પોલીસ હોમગાર્ડ, જી.આર.ડિ.ના જવાનો તૈનાત રહેશે. જ્યારે એલ.સી.બી.એસ. ઓ.જી. ની ટીમ સહિત પોલીસની શી ટીમ પણ હાજર રહેશે.

ખેડા જીલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરના રણછોડરાયજી મંદિર ખાતે ફાગણી પૂનમ નિમિત્તે ડાકોર ફાગણોત્સવ- 2024 કાર્યક્રમનું આયોજન કરાયું, જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન સાથે સ્વચ્છતા અને ફરજીયાત મતદાન અંગે ઉપસ્થિતોને જાગૃત કરવામાં આવ્યા.

બોટાદ જીલ્લાના પાળિયાદ રોડ પાસે આવેલા આસ્થા સ્નેહઘરના  દિવ્યાંગ બાળકો સાથે સાહેલી જાયન્ટસ ગ્રુપ દ્વારા રંગોત્સવની ઉજવણી કરાઇ. આ તકે, દિવ્યાંગ બાળકોને પિચકારી અને નાસ્તાનું પણ વિતરણ કરાયું..

આદિવાસી બાહુલ્ય ધરાવતા છોટા ઉદેપુર જીલ્લામાં હોળી પૂર્વેના ભંગોરીયાના મેળામાં માનવમેદની ઉમટી હતી. ઉલ્લેખનીય છે કે, છોટા ઉદેપુર જીલ્લા અને તેને અડીને આવેલા મધ્યપ્રદેશમાં હોળી પર્વના એક સપ્તાહ પૂર્વે આ ભંગોરિયા હાટમાં અહીંના આદિવાસી સમાજની વિશિષ્ટ સામાજીક અને સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી જોવા મળે છે.

સાબરકાંઠા જિલ્લાની વિવિધ શાળાઓમાં આજે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ એકબીજાને રંગ લગાવી હોળી પર્વની ઉજવણી કરી.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવની વાત્સલ્ય સંસ્થામાં આજે મનોદિવ્યાંગ બાળકોએ પારંપરિક પ્રાકૃતિક ફૂલો દ્વારા હોળી પર્વની ઉજવણી કરી. આ તકે, જીલ્લા કલેક્ટર ભાનુપ્રભાએ મનોદિવ્યાંગ બાળકોને ચોકલેટનું વિતરણ કરી તેમની સાથે હોળી મનાવી હતી.

ભાવનગર જીલ્લાના તળાજા ખાતે પી.એન.આર સોસાયટી સંચાલિત દિવ્યાંગ કેન્દ્રમાં દિવ્યાંગ બાળકોએ હર્ષોલ્લાસ સાથે રંગોત્સવની ઉજવણી કરી.

## WEATHER

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ઉંચકાતા લોકોને કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

અમરેલીમાં સૌથી વધુ તાપમાન 40.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે રાજકોટમાં 40.1 ડિગ્રી, અમદાવાદમાં 37.4, વડોદરામાં 38.6, સુરતમાં 38.4 અને ભાવનગરમાં 37.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

દરમિયાન, હવામાન વિભાગે આગામી દિવસોમાં રાજ્યમાં વાતાવરણ સૂકું રહેવાની તેમજ આગામી પાંચ દિવસ કચ્છ, પોરબંદર અને ગીર સોમનાથમાં હિટવેવની સ્થિતિ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે..

## SHAHID DIVAS

શહીદોનું સન્માન કરવા અને તેમના બલિદાનને યાદ કરવા માટે દેશભરમાં આજે શહીદ દિવસ મનાવાઇ રહ્યો છે. દેશની સ્વાતંત્ર્ય

ચળવળ માટે 1931ની 23મી માર્ચે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી, તેની યાદગીરી રૂપે શહીદ દિવસ ઉજવાય છે.

ભાવનગર શહેરના શહીદ સ્મારક ખાતે આજે અગ્રણીઓ દ્વારા અમર શહીદોને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી. આ તકે, મોટી સંખ્યામાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

## GUJCET

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 31મી માર્ચે ગુજકેટની પરીક્ષા લેવાશે. વિદ્યાર્થીઓએ તે માટેની હોલ ટિકિટ ઓનલાઇન માધ્યમથી લેવાની રહેશે તથા તેની ઉપર શાળાના આચાર્યના સહી-સિક્કાની જરૂર નહીં હોવાનું જણાવાયું છે. પરીક્ષાના ઉમેદવારોએ પરીક્ષા દરમિયાન હોલ ટિકીટની સાથે ફોટા આઇડી પ્રૂફ અથવા ધોરણ-12ની પરીક્ષાની હોલ ટીકીટ સાથે લઇ જવાની રહેશે.